અપીલ અરજી નં.૨૮૯ તા.૨–૧–૦૯

અરજદારઃ શ્રી સુરેશ એમ. પટેલ
સામાવાળાઃ ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી(ગુમાસ્તાધારા)

## ફરીયાદની હકીકતઃ–

***વિષય :***–આરટીઆઈ એકટ હેઠળ શ્રી સુરેશ એમ. પટેલની તા.૧–૧૨–૦૮ની આઈ ડી. નં.૯૭૮ની અરજીથી જરીના ઉધોગ માટે ગુમાસ્તાધારાનું લાયસન્સ ફકત નોંધણી માટે હોય છે કે ગુમાસ્તાધારા લાયસન્સના આધારે જરીનો ઉધોગ ચાલુ કરી શકે તેની માહિતી આપવા બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૨–૧–'૦૯ ની અપીલ અરજી નં.૨૮૯/૨૦૦૮–૦૯

શ્રી સુરેશ એમ. પટેલની તા.૧–૧૨–૦૮ની આઈ ડી. નં.૯૭૮ની અરજીથી જરીના ઉધોગ માટે ગુમાસ્તાધારાનું લાયસન્સ ફકત નોંધણી માટે હોય છે કે ગુમાસ્તાધારા લાયસન્સના આધારે જરીનો ઉધોગ ચાલુ કરી શકે તેની માહિતી આપવા બાબતે તદ્દન ખોટી માહિતી આપેલ હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨–૧–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની ફી ભર્યાની વિગત સહિતની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ તથા આપવા જોગ પૂરક માહિતીની વિગતો તેમજ વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૯૫૩ તા.૭–૧–૦૯ થી ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી(ગુમાસ્તાધારા)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને એસ એન્ડ ઈ/જાવક/૩૧૪ તા.૧૭–૧–૦૯ થી અત્રેના વિભાગને માહિતી મળેલ છે. જેમાં કોઈ વિશેષ માહિતી મળેલ નથી. પરંતુ અરજદારને પાઠવેલ પત્રની નકલ મળ ેલ છે.

અરજદારે તેની મુળ અરજીમાં જરીના ઉધોગ માટે ગુમાસ્તાધારાનું લાયસન્સ ફકત નોંધણી માટે હોય છે કે ગુમાસ્તાધારા લાયસન્સના આધારે જરીનો ઉધોગ ચાલુ કરી શકે તેની માહિતી આપવા જણાવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી જે તે ધંધા/ઉધોગના માલીકોએ પોતાનો ધંધો શરૂ કર્યાના ૩૦ દિવસની અંદર મુંબઈના દુકાનો અને સંસ્થાઓના અધિનિયમ–૧૯૪૮ અન્વયે સંસ્થાની નોંધણી કરવાની હોય છે તેવો પ્રત્યુત્તર તેમના પત્ર નં.એસ એન્ડ ઈ/જાવક નં.૨૯૦ તા.૧૯–૧૨–૦૮ થી અરજદારને પાઠવેલ છે. જેનાથી નારાજ થઈ અરજદારે અપીલ અરજી કરેલ છે અને માંગ્યા મુજબની માહિતી મળેલ નથી તેવી રજુઆત કરેલ છે. રજુઆતમાં અરજદારે ગુમાસ્તા લાયસન્સ ફકત નોંધણી માટે હોય છે કે લાયસન્સના આધારે ઉધોગ ચાલુ કરી શકાય તેવી પૃચ્છા કરેલ છે.

## *હુકમ*

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજદારને કાયદાની જોગવાઈના સંદર્ભમાં સ્વયં સ્પષ્ટ માહિતી પૂરી પાડેલ છે તેથી અપીલમાં કોઈ હુકમ કરવાનો રહેતો નથી અપીલ દફતરે કરવામાં આવે છે.

અરજદાર આ હુકમથી નારાજ હોય તો દિન–૯૦ માં રાજય માહિતી આયોગ, સેકટર–૧૮, ગુજરાત રાજય ગાંધીનગરને બીજી અપીલ કરવા હકદાર છો.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૧ –૦૯.

ડે.*કમિશ્નર(જનરલ),*
અ*ને એપેલેટ ઓફિસર*
*સુરત મહાનગર પાલિકા*

***પ્રતિ***

(૧) ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (ગુમાસ્તાધારા) ....જાણ તથા અમલ માટે
(૨) સુરેશ અમ. પટેલ